દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શુક્રવાર ૩૧ જુલાઈ, ૨૦૨૬

# અવકાશી કાટમાળનું વધતું પ્રમાણ: એક નવી સમસ્યા

હાલમાં એવા અહેવાલ આવ્યા છે કે ચીને અવકાશી કચરા પર નજર રાખવા અને ચોવીસેય કલાક તમામ ઓર્બિટમાં લક્ષ્યોનું સતત નિરીક્ષણ કરવા માટે તેના પ્રથમ વ્યાવસાયિક સેટેલાઇટ નેટવર્કની તૈનાતી શરૂ કરી દીધી છે, અને આ સાથે જ અવકાશી કચરા કે કાટમાળનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. ૧૯૫૦ના દાયકામાં અવકાશ યુગના પ્રારંભથી લઈને અત્યાર સુધીમાં, આપણે હજારો રોકેટ લોન્ચ કર્યા છે અને તેથી પણ વધુ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મોકલ્યા છે. તેમાંના ઘણા હજુ પણ ત્યાં કાટમાળ અવસ્થામાં છે, અને જેમ જેમ આપણે વધુ રોકેટ લોન્ચ કરી રહ્યા છીએ, તેમ તેમ અવકાશમાં અથડામણનું જોખમ સતત વધી રહ્યું છે. જેટલા સમયથી માણસ અવકાશમાં સંશોધનો કરી રહ્યો છે, તેટલા જ સમયથી આપણે ત્યાં થોડો કચરો પણ ભેગો કરી રહ્યા છીએ. આપણા ગ્રહની પરિક્રમા કરી રહેલા હજારો નિષ્ક્રિય ઉપગ્રહો અને રોકેટોના ટુકડાઓ અવકાશમાં તરતા રહે છે. આ ભવિષ્યમાં મોટી સમસ્યા બની શકે છે. અવકાશી કચરો, અથવા સ્પેસ ડેબ્રિસ, એ માનવ નિર્મિત સાધનો અથવા મશીનરીના ટુકડા છે જે અવકાશમાં રહી ગયા છે. તેમાં ખરાબ થઈ ગયેલા કે મિશન પૂરું થયા પછી ભ્રમણકક્ષામાં છોડી દેવાયેલા મોટા નિષ્ક્રિય ઉપગ્રહોથી લઈને રોકેટમાંથી ખરી પડેલા રંગના પોપડા કે ધાતુના નાના ટુકડાઓનો સમાવેશ થાય છે. માણસે પેદા કરેલો કેટલોક કચરો તો ચંદ્ર પર પણ છે!

હાલમાં પૃથ્વીની ભ્રમણકક્ષામાં લગભગ ૨,૦૦૦ સક્રિય ઉપગ્રહો કાર્યરત છે, પરંતુ તેની સાથે ૩,૦૦૦ જેટલા નિષ્ક્રિય(મૃત) ઉપગ્રહો પણ અવકાશમાં રખડી રહ્યા છે. આ ઉપરાંત, ૧૦ સેન્ટીમીટરથી મોટા કચરાના લગભગ હજારો ટુકડાઓ અને લાખો નાના ટુકડાઓ છે, જે જો કોઈ ઉપગ્રહ સાથે અથડાય તો અત્યંત વિનાશક સાબિત થઈ શકે છે. તમામ અવકાશી કચરો આપણા દ્વારા પૃથ્વી પરથી લોન્ચ કરવામાં આવેલા પદાર્થોનું પરિણામ છે, અને તે વાતાવરણમાં પુનઃપ્રવેશ ન કરે ત્યાં સુધી ભ્રમણકક્ષામાં રહે છે. કેટલાક સો કિલોમીટરની નીચલી ભ્રમણકક્ષામાં રહેલી વસ્તુઓ ઝડપથી પાછી આવી શકે છે. તે થોડા વર્ષોમાં વાતાવરણમાં પુનઃપ્રવેશ કરે છે અને મોટાભાગે બળીને નાશ પામે છે - તેથી તે જમીન સુધી પહોંચતી નથી. પરંતુ ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ છોડવામાં આવેલા ઉપગ્રહો કે ડેબ્રિસ - જ્યાં સંચાર અને હવામાન ઉપગ્રહોને ભૂ-સ્થિર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવે છે - તે સેંકડો અથવા હજારો વર્ષો સુધી પૃથ્વીની પ્રદક્ષિણા કરતા રહી શકે છે. ૧૯૫૭માં અવકાશ યુગની શરૂઆતથી અત્યાર સુધીમાં ૫,૦૦૦થી વધુ રોકેટ લોન્ચ દ્વારા ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવામાં આવ્યા છે. જ્યારે બે ઉપગ્રહો એકબીજા સાથે અથડાય છે, ત્યારે તે તૂટીને હજારો નવા ટુકડાઓમાં વહેંચાઈ જાય છે, જે નવો કચરો ઉત્પન્ન કરે છે. જો કે આવું ઓછું બને છે. આ કચરાથી સૌથી મોટું જોખમ ભ્રમણકક્ષામાં રહેલા અન્ય સક્રિય ઉપગ્રહોને છે. આ ઉપગ્રહો સામેથી આવતા અવકાશી કચરા સાથે અથડાવાથી અને નુકસાન કે વિનાશ પામવાથી બચવા માટે પોતાનો માર્ગ બદલવો પડે છે. તમામ ઉપગ્રહો મળીને, દર વર્ષે અથડામણ ટાળવા માટે સેંકડો વાર આવા દાવપેચ કરવામાં આવે છે, જેમાં આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન(ISS) પણ સામેલ છે, જ્યાં વારાફરતી થોડાક અવકાશયાત્રીઓ રહે છે. સદભાગ્યે, અથડામણની ઘટનાઓ બહુ ઓછી બને છે: માર્ચ ૨૦૨૧ માં એક ચીની ઉપગ્રહ અથડામણ બાદ તૂટી ગયો હતો. તે પહેલાં, અવકાશી કચરા સાથે અથડાઈને નષ્ટ થયેલો છેલ્લો ઉપગ્રહ ૨૦૦૯માં હતો.

સંયુક્ત રાષ્ટ્રો(UN)ની વિનંતી છે કે તમામ કંપનીઓ તેમના મિશનના અંત પછી ૨૫ વર્ષની અંદર તેમના ઉપગ્રહોને ભ્રમણકક્ષામાંથી હટાવી લે. પરંતુ આ નિયમ લાગુ કરવો મુશ્કેલ છે, કારણ કે ઉપગ્રહો ઘણીવાર અચાનક ખરાબ થઈ જતા હોય છે. આ સમસ્યા ઉકેલવા માટે, વિશ્વની કેટલીક કંપનીઓ અનોખા ઉપાયો લઈને આવી છે. તેમાં નિષ્ક્રિય ઉપગ્રહોને ભ્રમણકક્ષામાંથી હટાવીને પૃથ્વીના વાતાવરણમાં પાછા ખેંચવાનો સમાવેશ થાય છે, જ્યાં તે બળીને નાશ પામશે. આ માટે ઉપગ્રહને પકડવા માટે હાર્પૂન (ભાલા જેવા સાધન)નો ઉપયોગ કરવો, તેને મોટી જાળીમાં પકડવું, ચુંબકનો ઉપયોગ કરવો અથવા લેઝર છોડીને ઉપગ્રહને ગરમ કરવો જેથી તેનું વાતાવરણીય ઘર્ષણ વધે અને તે ભ્રમણકક્ષામાંથી નીચે ફેંકાઈ જાય જેવા ઉપાયો અજમાવવામાં આવી રહ્યા છે. જો કે, આ પદ્ધતિઓ પૃથ્વીની પ્રદક્ષિણા કરતા ફક્ત મોટા ઉપગ્રહો માટે જ ઉપયોગી છે. રંગના પોપડા અને ધાતુના નાના ટુકડા જેવા નાના કચરાને વીણવાનો આપણી પાસે હજુ સુધી કોઈ રસ્તો નથી. આપણે માત્ર તે કુદરતી રીતે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરે તેની રાહ જોવી પડે છે. અવકાશી કાટમાળને દૂર કરવા ઉપરાંત આવો કાટમાળ વધુ પ્રમાણમાં નહીં સર્જાય તે માટે માણસ પોતાની અવકાશી પ્રવૃતિઓને મર્યાદિત કરે અને વગર કામના લોન્ચિંગ ન કરે અને શક્ય હોય ત્યાં વિવિધ દેશો ઉપગ્રહોના ઉપયોગ બાબતે સહકાર સાધીને વધુ ઉપગ્રહો છોડવાનું ટાળે તે બાબતો પર પણ હવે ધ્યાન આપવું જરૂરી છે.

## ફૂલનું ઊગવું



એક કચરાના ઢગલા પર એક નાનકડો છોડ ઊગી નીકળ્યો. થોડા સમય પછી તે છોડ મોટો થવા લાગ્યો અને તેના પર એક સુંદર ફૂલ ખીલ્યું. તે ફૂલમાંથી મનમોહક સુગંધ પ્રસરી રહી હતી.

આ કચરાના ઢગલામાં કામ કરતા એક સફાઈ કર્મચારી સાથે તેનો નાનો દીકરો પણ હતો. તેની નજર તે ફૂલ પર પડી. તેણે પોતાના પપ્પાને ફૂલ બતાવતાં કહ્યું, “પપ્પા, જુઓ તો! દૂર પેલા કચરાના ઢગલા પર ફૂલ ખીલ્યું છે. શું આ ફૂલમાંથી પણ આ કચરા જેવી દુર્ગંધ આવતી હશે?” તેના પપ્પા તેને તેડીને ફૂલ પાસે લઈ ગયા. તેમણે તે ફૂલ તોડીને તેના હાથમાં આપ્યું. નાનકડા દીકરાએ તરત જ ફૂલને પોતાના નાક પાસે લઈ જઈને સૂંઘ્યું. તેને લાગતું હતું કે ફૂલમાંથી કચરાની વાસ આવશે, પરંતુ ફૂલમાંથી તો એકદમ મીઠી સુગંધ આવી રહી હતી. થોડીવાર માટે તો તે એ સુગંધમાં ખોવાઈ ગયો. પછી તેણે પોતાના પપ્પાને પૂછ્યું, “પપ્પા, આ ફૂલમાંથી તો કેટલી સરસ સુગંધ આવે છે!” તેના સફાઈ કર્મચારી પપ્પાએ કહ્યું, “દીકરા, આ ફૂલનું કામ સુગંધ ફેલાવવાનું છે અને તે પોતાનું કામ નિષ્ઠાથી કરી રહ્યું છે. ફૂલ ક્યારેય ફરિયાદ કરતું નથી કે તેને કેવી માટીમાં ઉગાડવામાં આવ્યું છે. તે તો બસ ઉગે છે, ખીલે છે અને પોતાની સુગંધ ફેલાવે છે. અહીં તો આ ફૂલ કચરાના ઢગલામાંથી પોષણ મેળવીને ઊગેલા છોડ પર ખીલ્યું છે, છતાં તે માત્ર સુગંધ જ ફેલાવે છે. તેણે પોતાની પરિસ્થિતિ અંગે કોઈ ફરિયાદ કરી નથી. તું પણ જીવનમાં આવું જ કરજે.” નાના છોકરાએ કહ્યું, “પપ્પા, હું કંઈ ફૂલ થોડો છું કે આવી રીતે ખીલીને સુગંધ ફેલાવું?” સફાઈ કર્મચારીએ પોતાના દીકરાને ઊંચકીને પ્રેમથી સમજાવ્યું, “દીકરા, તારો જન્મ ભલે મારા જેવા સફાઈ કર્મચારીના ઘરે થયો છે, પરંતુ તું જીવનમાં ક્યારેય કોઈ ફરિયાદ કર્યા વિના આગળ વધજે. મન લગાવીને ભણજે અને ભણી-ગણીને પોતાના જીવનને સુખ, સફળતા અને ખુશીની સુગંધથી મહેકાવજે.” નાનકડા દીકરાએ હસતાં-હસતાં હા પાડી. આપણે પણ ફૂલ જેવા બનીએ. ઈશ્વરે આપણને જે કોઈપણ સ્થિતિમાં અને સંજોગોમાં રાખ્યા હોય, તેની ફરિયાદ કર્યા વિના દરેક પરિસ્થિતિમાં હસતા રહીએ, મહેનત કરતા રહીએ અને ભક્તિ તથા સેવાને જીવનમાં સ્થાન આપીને પોતાના તેમજ અન્યના જીવનમાં પ્રેમ, આનંદ અને સુવાસ ફેલાવીએ.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

# ચોમાસું દર વર્ષે એ જ સવાલ પૂછે છે

### કહેવાની વાત
**નેહા શાહ**

> **વૈજ્ઞાનિકો વર્ષોથી ચેતવણી આપી રહ્યા છે કે વરસાદ હવે પહેલાંની જેમ સમાનરીતે નહીં વરસે; થોડા કલાકોમાં મહિના જેટલો વરસાદ પડવાની ઘટનાઓ વધશે**

ગુજરાતમાં આ વર્ષે પડેલો વરસાદ અસામાન્ય હતો, એમાં કોઈ શંકા નથી. સમગ્ર ચોમાસાના 25 ટકા વરસાદ માત્ર પાંચ દિવસમાં પડ્યો. અમદાવાદમાં માત્ર એક જ દિવસમાં 294.6 મિ.મી. વરસાદ પડ્યો, જે શહેરના સરેરાશ વાર્ષિક વરસાદના લગભગ 35 ટકા જેટલો છે! વલસાડમાં માત્ર 16 કલાકમાં 1,100 મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો. એટલે કે જિલ્લાના સમગ્ર વર્ષના સરેરાશ વરસાદનો લગભગ અડધો વરસાદ એક જ દિવસમાં વરસી ગયો. નવસારીમાં લગભગ 35 ટકા અને સુરતમાં 30 ટકા વરસાદ ટૂંકા ગાળામાં વરસ્યો. બીજી તરફ સુરેન્દ્રનગર, અરવલ્લી, છોટાઉદેપુર, મહીસાગર અને દાહોદ જેવા જિલ્લાઓમાં હજુ પણ વરસાદની ખાધ છે. અલ નીનોની અસર, આબોહવા પરિવર્તન અને બદલાતા મોનસૂન ચક્રને કારણે ક્યાંક અતિવૃષ્ટિ તો ક્યાંક દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. વૈજ્ઞાનિકો વર્ષોથી ચેતવણી આપી રહ્યા છે કે વરસાદ હવે પહેલાંની જેમ સમાન રીતે નહીં વરસે; થોડા કલાકોમાં મહિના જેટલો વરસાદ પડવાની ઘટનાઓ વધશે. વારંવાર મળતી ચેતવણી પછી પણ ઝડપથી બદલાતી આબોહવાનો સામનો કરવાની આપણી તૈયારી નથી. અમદાવાદ, સુરત, વલસાડ કે નવસારીમાં થયેલા જાન-માલના નુકસાન માટે શું માત્ર અને માત્ર વરસાદને જ જવાબદાર ગણીશું? દર વર્ષે વરસાદ બંધ થયા પછી ફરી એ જ શહેરો ડૂબતાં કેમ રહે છે? કેમ સૌથી ગરીબ વસાહતોથી લઈને અમદાવાદના બોપલ અને શેલા જેવા કરોડોની મિલકત ધરાવતા વિસ્તારો પણ પાણીમાં ગરકાવ થઈ જાય છે?

અમદાવાદનું ઉદાહરણ સૌથી સ્પષ્ટ છે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાએ પ્રકાશિત કરેલા વિશ્લેષણમાં શહેરી આયોજનકારો અને જીઓઈન્ફોર્મેટિક્સના નિષ્ણાતોએ સ્પષ્ટ કહ્યું કે 23મી જુલાઈએ પડેલા વરસાદ પછીની જળબંબાકારની પરિસ્થિતિ માત્ર વરસાદનું પરિણામ નહોતું, પરંતુ દાયકાઓથી ચાલતી ખોટી શહેરી નીતિઓનું પરિણામ હતું. પાછલા 25 વર્ષમાં થયેલા બાંધકામને કારણે શહેરના કેન્દ્રથી 20 કિ.મી.ના વિસ્તારમાં 33 ટકા અને બહારના 20થી 50 કિ.મી.ના વિસ્તારમાં તો 91 ટકા જેટલો વિકાસ થયો છે! આ વિકાસનો મોટો ભાગ ભૂગર્ભ જળ રિચાર્જ ઝોન પર થયો છે. તળાવો પુરાઈ ગયા, કુદરતી જળમાર્ગો નાશ પામ્યા અને વરસાદી પાણી માટેની જમીન કાંક્રીટમાં ફેરવાઈ ગઈ. આટલું જ નહીં, વરસાદ પહેલાં કોર્પોરેશને જે સ્થળોને ‘ફ્લડ-ફ્રી’ જાહેર કર્યા હતા, તેમાંથી લગભગ 90 ટકા સ્થળો ફરી પાણીમાં ગરકાવ થઈ ગયા. એટલે પ્રશ્ન વરસાદનો ઓછો અને આયોજનનો વધુ છે. સુરતની ગાથા પણ અલગ નથી. શહેરની સીમા 2004માં 112 ચોરસ કિલોમીટર હતી, જે આજે વધીને 461 ચોરસ કિલોમીટર થઈ ગઈ છે. ખાડીઓ અને કુદરતી વરસાદી નાળાઓની બંને બાજુ અનિયંત્રિત બાંધકામ થતાં તેમનો કુદરતી પ્રવાહ અટકી ગયો છે. મ્યુનિસિપલ તંત્ર પણ સ્વીકારે છે કે ખાડીઓ પર થયેલા વિકાસે પાણીનો માર્ગ બંધ કર્યો છે અને તેથી દર વર્ષે પૂર જેવી સ્થિતિ સર્જાય છે.

વડોદરામાં વિશ્વામિત્રી નદીનો અભ્યાસ તો વધુ ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની વિશ્વામિત્રી સમિતિના અહેવાલમાં સ્પષ્ટ નોંધાયું છે કે નદીના પૂરપ્રદેશમાં બાંધકામનો કાટમાળ, ઘન કચરો, ગેરકાયદે દબાણો, વેટલેન્ડ્સનો નાશ અને નદીના કુદરતી પ્રવાહમાં કરાયેલા હસ્તક્ષેપને કારણે નદીની વરસાદી પાણી વહન કરવાની ક્ષમતા સતત ઘટી રહી છે. આપણે શહેરને એક જીવંત એકમ તરીકે નહીં, પરંતુ પ્લોટોના સમૂહ તરીકે વિકસાવ્યું છે. એક ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થાય છે, પરંતુ આખા શહેરના જળપ્રવાહ પર તેની શું અસર પડશે તેનો વિચાર થતો નથી. એક વિસ્તારમાં રસ્તો ઊંચો કરવામાં આવે કે નવું બાંધકામ કરવામાં આવે તો ત્યાંનું પાણી ક્યાં જશે, તેની ગણતરી શહેરી આયોજનમાં દેખાતી નથી. આખરે શહેરના આયોજનનો માસ્ટર પ્લાન ક્યાં છે? ડ્રેનેજ માસ્ટર પ્લાન ક્યાં છે? વરસાદી પાણીના કુદરતી માર્ગોનું નકશાંકન ક્યાં છે? વરસાદના પાણીના સંચયને શહેરના આયોજનનો ફરજિયાત ભાગ કેમ બનાવવામાં આવ્યો નથી? જ્યાં સુધી શહેરનું આયોજન સમગ્ર જળપ્રવાહને ધ્યાનમાં રાખીને નહીં થાય, કુદરતી જળમાર્ગો અને પૂરપ્રદેશને બચાવવામાં નહીં આવે અને વિકાસ કરતાં પહેલાં પાણી માટે જગ્યા છોડવાની સંસ્કૃતિ વિકસશે નહીં, ત્યાં સુધી ગુજરાતનાં શહેરો દર ચોમાસે ડૂબતાં રહેશે – અને પછી દોષ વરસાદને આપતા રહીશું.

દુઃખની વાત એ છે કે વરસાદ ઊતરી જશે, પાણી ઓસરશે અને થોડા અઠવાડિયામાં ફરી રિયલ એસ્ટેટના નકશા મંજૂર થવા લાગશે. ફરી કોઈ તળાવ ભરાશે, ફરી કોઈ નાળો સાંકડો થશે, ફરી કોઈ પૂરપ્રદેશ પર બાંધકામ થશે. આ માત્ર આયોજનનો અભાવ નથી, પરંતુ શહેરી વિકાસના રાજકીય અર્થતંત્રનું પ્રતિબિંબ પણ છે. જમીન ખાનગી રોકાણનું સાધન બની ગઈ છે, જેમાંથી કરોડોનો નફો કમાઈ શકાય છે. એટલે જ્યાં જમીન ખાલી દેખાઈ ત્યાં કોઈ વિકાસની યોજના આવી ગઈ! બિલ્ડરો એમાંથી નફો કમાય, જ્યારે એની કિંમત સામાન્ય નાગરિકો પાણીમાં ગરકાવ થયેલા ઘરો અને નષ્ટ થયેલી રોજીરોટીના રૂપમાં ચૂકવે છે. શહેરી વિકાસમાં જ્યાં સુધી પર્યાવરણીય સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં નહીં આવે, ત્યાં સુધી દર ચોમાસે આવી માનવસર્જિત આપત્તિઓ ફરી ફરી સર્જાતી રહેશે. પછી આવતા ચોમાસે આપણે ફરી એ જ ફરિયાદ કરીશું કે શહેર ડૂબી ગયું!.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# દેશમાં સૌથી વધુ યુવાનો છે પણ સમાજ અને શાસનમાં યુવાનો ક્યાં છે?

### રાજ કાજ ગુજરાત
**કાર્તિકેય ભટ્ટ**

> **શું આ દેશ ખરેખર યુવાનોનો દેશ છે? મોટો પ્રશ્ન એ છે કે દેશની રાજનીતિ અને સમાજનીતિમાં યુવાનો ક્યાં છે? યુવાનોનો અવાજ ક્યાં છે? યુવાનોનું રાજકીય પ્રતિનિધિત્વ કેટલું છે?**

શિક્ષણવ્યવસ્થા સંપૂર્ણપણે ભાંગી પડી છે. વ્યાવસાયિક શિક્ષણનું બજાર અને શિક્ષણનો વ્યવસાય બંને મોટા થયા છે. લાખો રૂપિયાની ફી ભરીને યુવાનો શિક્ષણ મેળવે છે. પરંતુ ત્યારબાદ તે ડિગ્રી દ્વારા રોજગારી મળતી નથી અને જો રોજગારી મળે છે તો તેમાં યોગ્ય વેતન મળતું નથી. લાખોની ફી ભરીને ભણ્યા પછી પણ પગાર માત્ર થોડા હજાર રૂપિયાનો મળે છે. દિવસના પૂરાં હજાર રૂપિયા પણ મળતા નથી! દેશમાં સરકારી નોકરિયાતોને દર છ મહિને મોંઘવારી ભથ્થામાં વધારો થાય છે. એટલો વધારો તો ખાનગી ક્ષેત્રમાં પગારમાં પણ થતો નથી! એટલે આપણે આ કોલમમાં અનેકવાર લખી ગયા છીએ કે સરકાર જો ખાનગી ક્ષેત્રમાં યોગ્ય વેતન માટેના કાયદા નહીં કરે તો દેશમાં વ્યાપક આર્થિક અરાજકતા ફેલાશે અને આર્થિક અસમાનતા, શોષણ તથા અન્ય અનેક પ્રશ્નો અને આંદોલનો ઊભા થશે. વર્તમાનમાં મેડિકલ પ્રવેશ માટેની પરીક્ષાનું પેપર ફૂટ્યું. તેના વિરોધમાં દિલ્હીમાં જે આંદોલન થયું, તે તો યુવાનો દ્વારા પોતાના આક્રોશ અને અન્યાયની પ્રતિકાત્મક રજૂઆત હતી. નીટ પેપર લીકની સાથે વિવિધ રાજ્યોમાં રોજગારી માટે લેવાતી પરીક્ષાઓમાં પેપર લીક, કોન્ટ્રાક્ટ પ્રથાનું શોષણ, શિક્ષણનું ખાનગીકરણ અને સમાજમાં વધતી રૂઢિચુસ્તતા સહિતના મુદ્દાઓ સામેનો આ સહિયારો આક્રોશ હતો. ઘણા ભાજપ સમર્થકો આ વિદ્યાર્થીઓ વિશે એલ-ફેલ બોલે છે અને લખે છે, પરંતુ તેઓ સમજતા નથી કે આ આંદોલનમાં ક્યાંય ‘ભાજપ હટાવો’ કે ‘મોદી હટાવો’ જેવા નારા લાગ્યા જ નહોતા. લાઠીચાર્જ પહેલાં આ લોકો માત્ર પેપર લીક માટે જવાબદારી સ્વીકારીને શિક્ષણમંત્રીએ રાજીનામું આપવું જોઈએ, એટલી જ માંગ કરી રહ્યા હતા. કારણ કે તેઓ ઈચ્છતા હતા કે દેશમાં ‘જવાબદારી’ની સંસ્કૃતિ ઊભી થાય. નેતાઓ અને સંતો વાતે-વાતે કહે છે કે આ દેશ યુવાનોનો છે. આંકડાઓ સાથે વાત કરનારા કહે છે કે દેશની કુલ વસ્તીના 65 ટકા લોકો યુવાવર્ગમાં આવે છે. એટલે કે 15થી 60 વર્ષની વયના કામ કરી શકે એવા લોકોની સંખ્યા દેશમાં સૌથી વધુ છે. હવે માની લઈએ કે આ દેશની અડધીથી વધુ વસ્તી યુવાન છે. પરંતુ શું આ દેશ ખરેખર યુવાનોનો દેશ છે? મોટો પ્રશ્ન એ છે કે દેશની રાજનીતિ અને સમાજનીતિમાં યુવાનો ક્યાં છે? યુવાનોનો અવાજ ક્યાં છે? યુવાનોનું રાજકીય પ્રતિનિધિત્વ કેટલું છે? 30 વર્ષથી ઓછી ઉંમરના રાજકારણીઓ કેટલા છે? દેશની દુર્દશા તો જુઓ! યુવાનોની વાત કરવા માટે પણ જે વક્તાઓ આવે છે, તેઓ પચાસ વર્ષથી વધુ ઉંમરના હોય છે. દેશના યુવાનોની મનઃસ્થિતિ સમજવી હોય તો 17થી 20 વર્ષની વયના યુવાનોને સાંભળવા જોઈએ. દેશનું ઝડપથી વિકસતું અર્થતંત્ર યુવાનો ચલાવે છે. જેની સૌથી વધુ ટીકા થાય છે, તે યુવાનો જ હોટલો, સિનેમાઘરો અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રના સૌથી મોટા ગ્રાહકો છે. પરંતુ આ તમામ ક્ષેત્રોમાં નિર્ણાયક જગ્યાઓ પર વડીલો બેઠા છે. સરકાર પણ બે ડગલાં આગળ વધીને નિવૃત્ત કર્મચારીઓને પેન્શન ઉપરાંત પગાર આપીને ફરી નોકરીએ રાખે છે. આપણે સરકારી નોકરીઓ લગભગ ખતમ કરી નાખી છે. સમાજમાં કપડાં પહેરવાના નિયમોથી માંડીને જીવનસાથીની પસંદગી સુધીના પ્રશ્નોમાં પણ યુવાપેઢી સંપૂર્ણ સ્વતંત્ર નથી. મધ્યમવયના લોકો, જેઓ સમાજમાં ‘વડીલ’ બનીને ફર્યા કરે છે, તેઓ સમાજના મંડળોથી માંડીને વિધાનસભા અને લોકસભા સુધી યુવાનોના પ્રશ્નોની ચર્ચા જ કરતા નથી. અરે, જ્યાં યુવાનોની સૌથી વધુ જરૂર છે એવા ફિલ્મ અને ટેલિવિઝન ક્ષેત્રોમાં પણ પચાસ વર્ષ વટાવી ચૂકેલા ‘ઠાઠા’ કલાકારો જ છવાયેલા છે.

આ આંદોલનોનો પ્રથમ સંદેશ એ છે કે, ‘ઘરડા, હવે પાછા વળો. આર્થિક અને સામાજિક ક્ષેત્રે યુવાનોને આગેવાની આપો.’ મહિલા અનામતની જેમ જ દરેક ક્ષેત્રમાં 30 ટકા બેઠકો 30 વર્ષથી ઓછી ઉંમરના યુવાનો માટે અનામત હોવી જોઈએ. યુવાનોના આક્રોશને પ્રતિનિધિત્વ મળવું ખૂબ જરૂરી છે. યુવાનોને તેમના કામના બદલામાં યોગ્ય વળતર મળવું જોઈએ. યુવાનોને તેમની યોગ્યતા મુજબ સ્થાન મળવું જોઈએ. માત્ર ઉંમરના માપદંડથી જ ‘સિનિયોરિટી’ની અનામત ઊભી થાય, તો એવી સંસ્થા કે સમાજ ક્યારેય આગળ વધી શકતો નથી. દેશ યુવાનોનો કહેવાય, પરંતુ નિર્ણયો યુવાનો ન કરે – આ કેવો દંભ! યાદ રાખો, જમીન સાચવી શકાય, ઘરેણાં સાચવી શકાય, મૂડી સાચવી શકાય, પરંતુ ‘યુવાની’ સાચવી શકાતી નથી. આજના યુવાનો, બેકાર યુવાનો અને નોકરી-વેતન વગરના યુવાનો જ આવતીકાલના વૃદ્ધો બનવાના છે. આજનો યુવાન દેશ જ આવતીકાલનો વૃદ્ધ દેશ બનશે. તેથી સમય રહેતાં સમજો. યુવાનોને તેમની વાત કહેવા દો. તેમના પ્રશ્નોને સમજો. તેમને નોકરી આપો અને તેમના કામનું યોગ્ય વેતન પણ આપો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

### ખોવાયો છે, ધીરજનો ગુણ

‘ધીરજના ફળ મીઠા હોય છે’આપણે સૌ જાણીએ છીએ, પણ ધીરજ રાખી શકતા નથી.લગભગ રાહ જોવી કોઈને ખબર નથી કે ગમતી નથી અને જ્યારે રાહ જોવી પડે ત્યારે અધીરાઈ છલકે છે. શ્રદ્ધાંજલી સભામાં બોલાય છે,બે મિનિટનું મૌન પાળીશું,પણ મૌન વધુમાં વધુ 50 સેકન્ડ અને ઓછામાં ઓછું 28 સેકન્ડ પળાય છે. મૃત્યુ પામેલ વ્યક્તિને સ્મશાને લઈ જવામાં પણ અધીરાઈ દેખાય છે. કોણ બાકી છે? ક્યારે કાઢી જવાના? કેટલી વાર? જેવા અનેક પ્રશ્નો પુછાય છે. કોઈને ધીરજ નથી. ટ્રાફિક હોય, રેડ સિગ્નલ હોય ત્યારે વાહન ચાલકો કેટલા અધીરા બને છે. જ્યાં ધીરજ ધરી ઊભા જ રહેવાનું છે. પરિસ્થિતિ નિયંત્રણમાં જ નથી ત્યાં પણ જોર જોરથી હોર્નનો અવાજ! દરેકે પહેલા જવું છે. રેડ સિગ્નલમાંથી ગ્રીન સિગ્નલ થવામાં સરેરાશ 6 થી 8 સેકન્ડ પહેલા જ વાહન ચાલકો વાહન હંકારી મૂકે છે, પરિણામે ક્રોસ રોડ પર ટ્રાફિકજામ કે અકસ્માત. થિયેટર પર, રેલ્વેસ્ટેશન, બસસ્ટેશન, માર્કેટમાં, શાળા છૂટે ત્યારે,વિશ્રાંતિમાં ધક્કામુક્કી અને ધીરજનો અભાવ જ દેખાય છે. આપણે એક એવા ઉન્મત્ત સમાજમાં રહીએ છીએ જ્યાં બધું તાત્કાલિક જોઈએ છે. ધીરજ શાંત અને સૂક્ષ્મ હોય છે. ધીરજ ગુમાવવાથી સરવારે નુકસાન સિવાય કંઈ જ હાથ લાગતું નથી. આપણા સૌમાં ધીરજનો ગુણ ખોવાયો હોય એવું નથી લાગતું!

**સુરત - અરુણ પંડ્યા**

### સમાજ, સરકાર કે શિક્ષક -જવાબદાર કોણ?

શિક્ષણ એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું સૌથી શક્તિશાળી સાધન છે. કોઈપણ દેશનો વિકાસ તેની શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તા પર આધાર રાખે છે. નીતિ આયોગ દ્વારા રજૂ કરાયેલા તાજેતરના અહેવાલમાં ભારતના શિક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિની સાથે કેટલીક ખામીઓ અને પડકારો પણ ઉજાગર થયા છે. -શિક્ષણની ગુણવત્તામાં અસમાનતા -મૂળભૂત ભાષા અને ગણિતીય કૌશલ્યોમાં નબળું પ્રદર્શન -શિક્ષકોની અછત -શાળા છોડનાર વિદ્યાર્થીઓની સમસ્યા -ગ્રામ્ય અને શહેરી વિસ્તારો વચ્ચેનું શૈક્ષણિક અંતર અહેવાલ મુજબ દેશમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે, પરંતુ ગુણવત્તા, સમાનતા અને પરિણામલક્ષી શિક્ષણના ક્ષેત્રેમા ઝાઝો બદલાવ જોવા મળ્યો નથી. નીતિ આયોગના ‘School Education System in India ‘ અહેવાલ મુજબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પોતાના ધોરણ પ્રમાણે વાંચી, લખી અને સરળ ગણિત કરી શકતા નથી. આ શું બતાવે છે? -પ્રાથમિક શિક્ષણ ખાળે ગયું છે શિક્ષણનો પાયો નબળો હોવાથી આગળના ધોરણોમાં વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અન્ય વિષયો સમજવામાં મુશ્કેલી પડે છે. દેશના વિકાસનો પાયો એ શિક્ષણ છે અને શિક્ષણ જો નબળું અને ગુણવત્તા વિહોણું હશે તો આપણે કયા વિકસિત ભારતની વાત કરીએ છે. તેથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવો એ રાષ્ટ્રીય વિકાસ માટે તાતી અનિવાર્યતા છે. નીતિઓ ઘડાય છે, યોજનાઓ ઘડાય છે ,બજેટ ફાળવાઈ છે પણ પરિણામ ?

**અંકલેશ્વર - કવિતા રાઠવા**

### રાવણ થવું સહેલું નથી

રાવણનું નામ લેતા આપણે નફરત કરીએ છીએ. પણ એક વાર વિચારો – રાવણ થવું ક્યાં સહેલું હતું? એ રાવણ ચાર વેદનો જાણકાર, શિવભક્ત અને મહાન રાજા હતો. લંકા સોનાની બનાવી. પ્રજાને સુખી રાખી. ભૂલ એક જ કરી – અહંકાર! આજના રાવણોને જુઓ. ના જ્ઞાન, ના ભક્તિ, ના નીતિ. ફક્ત અહંકાર, લૂંટ અને શોષણ! શિક્ષણનો રાવણ વિદ્યાર્થીઓને લૂંટે, વેપારનો રાવણ ભેળસેળ કરે, સત્તાનો રાવણ જનતાના પૈસા ખાય! એ રાવણે સીતાનું હરણ કર્યું પણ સન્માન જાળવ્યું. આજના રાવણો સન્માન પણ વેચી ખાય છે! આપણે પૂતળા બાળીએ છીએ, પણ આપણી અંદરના રાવણને નથી મારતા. ઘરમાં માતા-પિતા/ભાઈ- બહેનનું અપમાન અને બહાર સંસ્કારીનો ડોળ - આ જ આધુનિક રાવણગીરી છે! રાવણના 10 ગુણમાંથી એક પણ લઈએ તો સમાજ સુધરી જાય. નહીંતર રામરાજ્ય ક્યારેય નહીં આવે! રાવણથી નફરત નહીં, રાવણપણાથી નફરત કરો! જય લંકેશ! જય શક્તિ! જય સત્ય! જય નીતિ!

**સુરત- સુનીલ રાજેન્દ્ર બર્મન**

### આજે પણ રફીજી અજરાઅમર છે

૩૧ મી જુલાઈ આવે અને રફીકની વસમી વિદાય આ દુનિયામાંથી થઈ તે યાદ આવે, પણ ના.. ના.. બિલકુલ એવું નથી. ભૌતિક રીતે ભલે નથી પણ હૃદયમાં તો રફીજીનું સ્થાન અજરા અમર છે. અને રહેશે. રફીજી સામાન્ય ઈન્સાન ન હતા. માતા સરસ્વતીની કૃપા રહી છે તેવી જ એ સરસ્વતીના ઉપાસક રહેલા. એક વખતનો પ્રસંગ છે. સંગમના ગીત માટે રાજેન્દ્ર કુમાર માટે રફીજીને ગીત ગાવાનું ઈજન રાજકપુરે આપેલું. પણ દારૂની મહેફિલ અને તેની વચ્ચે ગીત ગાવાનું રફીજીએ ના પાડી દીધી. કે હું માતા સરસ્વતીનો ઉપાસક છું. આવા માહોલમાં અને આવી સિચ્યુએશનમાં હું ગાઈ ન શકું. માફ કરશો. રાજકપુરની બેવડે વિનંતી બાદ પછી સ્વચ્છ માહોલમાં આ ગીતનું અસલ સ્વરૂપ દેખાડવામાં આવ્યું. પાંચ વાર નમાજ પઢતાં, સદા ગુપ્ત દાન કરી ગરીબોને સહાયરૂપ થતાં. ઓછા પૈસા આપનારના પણ ગીતો ગાઈ દેતા. માનવતાના પૂજારી હતા. ધનદોલત માટે એ ગાતા ન હતા. તથા નામો પણ મોહ નહિ, બધું જ જતું કરતો. ભક્તિગીતોમાં એ ખોવાઈ જઈને ગીત ગાતા. ભાવના એમના હૃદયમાં ભરી હતી. દેશ ભક્તિના ગીતો પણ બહુ જ નિષ્ઠાથી ગાતા. આજે પણ એમના ગીતો સૌને ભાવવિભોર કરી દે છે. ૨૪ મી ડિસેમ્બરે જન્મેલો આ તારલો તેજ પુંજ આજે પણ ફૂલાવી ને સૌના હૃદયમાં બિરાજે છે.

**સુરત - જયા રાણા**

### સોશ્યલ મીડિયાની લત

આધુનિક ડિજિટલ યુગમાં સોશ્યલ મીડિયા માહિતીના આદાન-પ્રદાનનું મહત્વનું માધ્યમ બની ગયું છે, પરંતુ તેનો અતિરેક માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે ચિંતાજનક બની રહ્યો છે. WHOના આંકડા મુજબ વિશ્વભરમાં 18.4 ટકા વિદ્યાર્થીઓ સોશ્યલ મીડિયાની લતથી પ્રભાવિત છે. ઓસ્ટ્રેલિયા, યુકે, ફ્રાન્સ અને યુએઈ જેવા દેશોએ બાળકો માટે તેના ઉપયોગ પર નિયંત્રણ લાદ્યા છે, જ્યારે ભારતમાં હજુ આવા કડક નિયમો નથી. સતત સ્ક્રોલિંગ, લાઈક્સ અને ફોલોઅર્સની દોડ માણસને આભાસી દુનિયામાં વ્યસ્ત રાખે છે. પરિણામે વાંચનની આદત ઘટી રહી છે, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે છે અને યાદશક્તિ પર પણ અસર થાય છે. પરિવારના સભ્યો વચ્ચેની વાતચીત ઘટી રહી છે, જ્યારે નાના બાળકો પણ મોબાઈલના આદી બની રહ્યા છે. વધુ પડતા ઉપયોગથી અનિદ્રા, ગરદનનો દુખાવો, આંખો પર તાણ અને માનસિક અસલામતી જેવી સમસ્યાઓ વધી રહી છે. તેથી ‘ડિજિટલ ડિટોક્સ’ અપનાવવો સમયની જરૂરિયાત બની ગયો છે. યુવાનો અને બાળકોમાં જાગૃતિ લાવવાની સાથે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મના એલ્ગોરિધમ એવા હોવા જોઈએ કે જે વપરાશકર્તાને મર્યાદિત અને જવાબદાર ઉપયોગ માટે પ્રોત્સાહિત કરે.

**સુરત - અમૃત વળવી**